
# બુધેલમાં થયેલી હત્યાના કેસમાં યુવાનને આજીવન કેદની સજા

## આરોપીની માતાને ભગાડી ગયાની દાઝ રાખી છરીના ઘા ઝીકી હત્યા કરેલી, સાડાત્રણ વર્ષ પૂર્વેના બનાવનો ભાવનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટનો ચુકાદો, સામા પક્ષે પણ મહિલાને ૨ વર્ષની સજા



### સામા પક્ષે મહિલાને બે વર્ષની સજા

બુધેલ ગામે બનેલા આ બનાવમાં કાનાભાઈ પોપટભાઈ બારૈયાએ સામે નોંધાવેલી ફરિયાદમાં મરણજનાર કાળુભાઈ તેમજ નીતાબેન બુધાભાઈ મેર અને કમુબેન ભગવાનભાઈ મેર સામે તેને ગાળો આપી લોખંડના પાઈપ વડે મારમારી ઈજા કાર્યની ફરિયાદ નોંધાવેલ જે અંગેનો કેસ પણ ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ મિતેશભાઈ મહેતાની દલીલો અને આધાર, પુરાવા, સાક્ષીની જુબાની ગ્રાહ્ય રાખીને ડીસ્ટ્રીક્ટ જજ એચ.એસ. મુલીયએ આરોપી નીતાબેનને બે વર્ષની કેદની સજા અને રોકડ દંડ ફટકાર્યો હતો.

ભાવનગર,તા.૨૦ ભાવનગરના વરતેજ તાબેના બુધેલ ગામે આજથી સાડાત્રણ વર્ષ પહેલા યુવકની થયેલી હત્યાના બનાવનો કેસ ભાવનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં ચાલી જતા ન્યાયધીશે આધાર, પુરાવા, સાક્ષીઓની જુબાની તેમજ વકીલોની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી યુવાનને કસૂરવાર તહેરાવિઆજીવન કેદની સજા ફટાકારેલ, જ્યારે સામ પક્ષે પણ એક મહિલાઓને આરોપીએ માર માર્યાની કરેલી સામી ફરિયાદમાં બે વર્ષની સજા ફટકારી હતી.

સમગ્ર બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ગત તા. ૨૮-૭-૨૦૨૨ના રોજ બુધેલના મફતનગર સોસાયટીમાં રહેતા નીતાબેન બુધાભાઈ મેરના ઘરે બપોરના સમયે તેના ગામનોજ કાના પોપટભાઈ રાઠોડ છરી લઈને આવ્યો હતો અને ગાળો બોલવા લાગેલ આથી તેનોભાઈ કાળુભાઈ રાવજીભાઈ મકવાણા તથા નીતાબેન અને તેના સાસુ કમુબેન બહાર નીકળતા કાળુએ કાનાભાઈ સાથે ઝગડો કરી ગાળો આપી તેના હાથમાં રહેલી છરીના ઘા કાનભાઈને છાતીમાં મારી તેમજ છોડાવવા જતા નીતાબેન અને કમુબેનને પણ માર મારી નાશી ગયેલ જેમાં કાનભાઈનું મોત નિપજતા બનાવ હત્યા પરિણમ્યો હતો. આ બનાવ અંગે નીતા બેને કાનાભાઈ સામે ફરિયાદ નોંધાવતા વરતેજ પોલીસે આઈપીસી ૩૦૨, ૪૪૭, ૫૦૪, જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી આરોપી કાનભાઈની ધરપકડ કરી હતી.

નીતાબેને કરેલી ફરિયાદમાં જણાંવેલ કે તેના ભાઈ કાળુભાઈ મકવાણા પાંચ વર્ષ પહેલા આરોપી કાનભાઈની મમ્મીને ભગાડી ગયો હતો અને બંને સાથે રહેતા હતા તેની દાઝ રાખીને હત્યા કરી હતી. આ બનાવ અંગે પોલીસે ચાર્જશીટ દાખલ કરેલ આ અંગેનો કેસ ભાવનગર ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ મનોજભાઈ જોશીની દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓની જુબાની ગ્રાહ્ય રાખીને ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ એચ.એસ. મુલીયાએ આરોપી કાનભાઈને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારેલ.

# દીપડો કોઈ ઉપર હુમલો કરે તે પહેલાં જ પીંજરે પુરાઈ જતાં હાશકારો



અમરેલી:

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાના ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ અને દીપડાના આંટાફેરા હવે સામાન્ય વાત છે. છાશવારે આ પંથકમાં આવા રાની પશુઓ માનવ વસ્તીવાળા ગામમાં ઘુસી આવતાં હોય ત્યારે ગઈકાલે મોડી રાત્રીનાં સમયે ખાંભા તાલુકાના નાની ધારી ગામે એક રહેણાંક મકાનમાં આવેલ રૂમમાં ખૂંખાર દીપડો ઘુસી ગયો હતો. પરંતુ ઘરધણીની સજાગતાના કારણે રૂમનો દરવાજો બહારથી બંધ કરી દઈ અને વનવિભાગને જાણ કરવામાં આવતાં કડકડતી ઠંડીમાં વન વિભાગ દ્વારા દીપડાને ટ્રાન્ક્યુંલાઈઝ કરી આંબરડી એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવેલ હતો. આ બનાવમાં દીપડો કોઈ ઉપર હુમલો કરે તે પહેલાં જ પીજરે પુરાઈ જતાં લોકોએ પણ હાશકારો અનુભવ્યો હતો.

આ બનાવમાં ખાંભા આર.એફ.ઓ.ના જણાવ્યાં અનુસાર ખાંભા તાલુકાના નાની ધારી ગામે રહેતા પ્રતાપ ભાઈ માંજરિયા મકાનમાં ગઈકાલે મોડી રાત્રીનાં સમયે ડેલીના રસ્તેથી ખૂંખાર દીપડો ઘરમાં ઘુસી ગયો હતો. ત્યારે દીપડો રૂમમાં પ્રવેશતાં ઘરધણી દીપડાને જોઈ જતાં અને ઘરધણીની સજાગતાના કારણે દીપડો જે રૂમમાં ઘૂસ્યો હતો તે રૂમનો દરવાજો બહારથી બંધ કરી દઈ અને વનવિભાગને જાણ કરવામાં આવતાં કડકડતી ઠંડીમાં પણ વન વિભાગ દ્વારા દીપડાને ટ્રાન્ક્યુંલાઈઝ કરી આંબરડી એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવેલ હતો. આ બનાવમાં દીપડો કોઈ ઉપર હુમલો કરે તે પહેલાં જ પીજરે પુરાઈ જતાં લોકોએ પણ હાશકારો અનુભવ્યો હતો.

ગીરકાંઠાના વિસ્તારમાં આવા બનાવો સામાન્ય રીતે બનતાં હોય ત્યારે વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓ અને લોકો વચ્ચે ઘર્ષણ ના થાય તે માટે ગીરકાંઠાના વિસ્તારમાં ખાસ શિબિરો કરી જાગૃતતા ફેલાવવા માટેની કામગીરી ચલાવી રહયાં છે.

# ગુંદાળા નજીક ઈકો કારમાંથી સાડાચાર કિલો સુકા ગાંજા સાથે ૨ શખ્સો ઝબ્બે

### ૨,૨૫લાખનો ગાંજો,કાર, મોબાઈલ મળી કુલ ૪,૩૭લાખનો મુદ્દામાલ જપ્ત કરતી બોટાદ SOG





બોટાદ,તા.૨૦ બોટાદ ખાતે એસઓજી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી માહિતીના આધારે ગઢડા તાલુકાના ગુંદાળા ગામ પાસેથી સાડાચાર કિલો સૂકા ગાંજાનો જથ્થો ભરેલી ઈકો કાર સાથે બે શખ્સોને ઝડપી લઈને એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગર રેન્જ આઈ.જી.ગૌતમ પરમાર તેમજ બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા દ્વારા નશીલા પદાર્થોની બદી સદંતર નેસ્ત નાબૂદ થાય તેમજ તેની હેરાફેરી અટકાવવા માટેની જરૂરી સૂચના આપવામાં આવેલ હોય જે સૂચનાને લઈ બોટાદ જિલ્લા SOGના ઈન્ચાર્જ PI એ.જી.સોલંકી તેમજ SOG PSI એ.એમ રાવલ તથા સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ગઢડા તાલુકાના ગુંદાળા ગામ પાસે નંદલાલ કોટન ઈન્ટ્રસ્ટ્રીઝ સામેથી ઈક્કો ફોરવ્હીલર ગાડીમાંથી સુકો ભેજવાળો વનસ્પતિ જન્ય ગાંજો ૪ કિલો ૪૪૧ ગ્રામ તેની કિંમત ૨ લાખ ૨૫ હજાર ૫૦ રૂપિયા, ઈક્કો ફોરવ્હીલર ગાડી કિંમત ૨ લાખ રૂ,મોબાઈલ ફોન-૨ કિંમત ૧૨,૦૦૦ મળી કુલ ૪,૩૭,૦૫૦ના મુદ્દામાલ સાથે દિવ્યેશભાઈ ઉર્ફ.પિન્ટુ ભુપતભાઈ નાથજી રહે.ઢસા તાલુકો ગઢડા તેમજ દિગ્વિજયસિંહ મહોબતસિંહ ગોહિલ રહે.પાટણા તાલુકો ગઢડા નામના ૨ આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા SOG પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે કરી NDPS એક્ટ હેઠળ ગુન્હો નોંધી વધુ કાર્યવાહી સાથે SOGના ઈન્ચાર્જ PI એ.જી.સોલંકીએ તપાસ હાથ ધરી છે.

# હડકાયા શ્વાને આંતક મચાવ્યો, અનેકને બચકાં ભરી ઘાયલ કર્યા

અમરેલી:

અમરેલી શહેરના ચિતલ રોડની સોસાયટીમાં એકાદ અઠવાડિયા પહેલાં એક હડકાયા શ્વાને ભયનું વાતાવરણ ઉભું કરતાં ત્રણેક દિવસમાં અનેક લોકો હડકાયુ બનેલું શ્વાને બચકાં ભરી ઘાયલ કર્યાં બાદ આ શ્વાનનું મોત નીપજ્યાંનું હતું. ત્યારે ગઈકાલે શહેરનાં શાક માર્કેટ તથા નાગનાથ આસપાસ ફરી એક હડકાયા શ્વાને આંતક મચાવ્યો હતો.

જાણવાં મળતી વિગત મુજબ અમરેલી શહેરના શહેરનાં શાક માર્કેટ, સરકાર વાડા તથા નાગનાથ આસપાસ આજે ફરી એક હડકાયા શ્વાને પસાર થતાં રાહદારીઓ ઉપર હુમલા કરી બચકાં ભરી લીધાનું લોકોમાંથી જાણવાં મળેલ છે. આ હડકાયા બનેલાં શ્વાને શહેરભરમાં ભયનું વાતાવરણ ઉભું કરી દઈ એક જ દિવસમાં ૨૨ જેટલાં લોકોને ઈજા પહોંચાડ્યાંનું જાણવાં મળેલ છે.

અમરેલી શહેરની મધ્યમાં આવેલ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં સ્કૂલ, અનેક ધાર્મિક મંદિર હોવાના કારણે અનેક લોકો વસવાટ કરતાં હોય ત્યારે છેલ્લા આ વિસ્તારમાં એક હડકાયા બનેલાં શ્વાને ભયનું વાતાવરણ ઉભું કરી દઈ એક જ દિવસમાં અનેક લોકોને કરડી ગયાનું જાણવા મળેલ છે. ત્યારે આ શ્વાનના હુમલાના ભોગ બનેલાં લોકોને સરકારી તથા ખાનગી દવાખાને સારવાર લીધાનું જાણવાં મળેલ છે.

અનુ.પાના ૮નું શરૂ...

## મારા પર હુમલામાં જયરાજનો હાથ

જયરાજ જ છે. આતો એસ.આઈ.ટી ટીમ રચાણી એટલે સામાન્ય કોસ્ટેબલને પણ ખબર પડે આમાં જયરાજ જ છે. અને એસઆઈટી ટીમે કહ્યુ કે ટેકનિકલ પુરાવો છે એ એફએસએલમાં મોકલ્યા છે, એટલે એફએસએલમાંથી રિપોર્ટ આવશે, એટલે દૂધનું દૂધ પાણીનું પાણી કરી બતાવશે એવું એસઆઈટી ભરોસો આપ્યો છે. અને સાથે હુમલા વખતે જે વીડિયો ઉતાર્યો હતો તે કોને બતાવે છે, એ વીડિયો પણ એફએસએલમાં રિપોર્ટ કરવા માટે મોકલ્યો છે. હાલ મેં જે ટીમને ૧૫ પુરાવા આપ્યા છે. હું અત્યારે જાહેર ન કરી શકું, જેથી કરીને આગળ તપાસ કરવામાં થોડીક મુશ્કેલી પડે, એટલા માટે હું જાહેર નથી કરતો. અને મેં આજે જે નિવેદન લખાવ્યું છે અને મારા પ્રમાણે લખાણું છે, જે કાંઈ પ્રૂફ દેવાના હતા એ આજે મેં એસઆઈટીને આપ્યા છે. અને જે મેં કીધું છે અને જે લખાવ્યું છે, એ પ્રમાણે તપાસ થાય તો મુખ્ય આરોપી સુધી પહોંચાશે.


**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**ડીઆરએમ ઓફિસ કેન્ટીન, રેલ કોચ રેસ્ટોરન્ટ, મોબાઈલ એસેસરીઝ કિઓસ્ક, પૂજા સમાગ્રી કિઓસ્ક માટે ઈ-હરાજી**

કેટલોગ નંબર: MSS-BVP-2025-03

કરારનો પ્રકાર: ૧. ડીઆરએમ ઓફિસ કેન્ટીન ભાવનગર ૨. ગાંધીગ્રામ ખાતે રેલ કોચ રેસ્ટોરન્ટ ૩. વેરાવળ ખાતે મોબાઈલ એસેસરીઝ કિઓસ્ક ૪. વેરાવળ ખાતે પૂજા સમાગ્રી કિઓસ્ક

શ્રેણી: વિવિધ સ્ટેટિક સેવાઓ

બિડર/ટેન્ડરરે (IREPS/ઈ-ઓક્શન) સાઈટ (www.ireps.gov.in) ની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગર અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર વિભાગ - +૯૧-૭૨૨૭૯ ૮૯૪૮૬) ની મુલાકાત લેવાની રહેશે.

હરાજી શરૂ થવાનો સમય અને તારીખ: ૧૧:૦૦ કલાક. ૦૨.૦૨.૨૦૨૬ ના રોજ BVP 250

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે ભાવનગર મંડળ**

**સિગ્નલિંગ ગિયર્સનો પુરવઠો, પરીક્ષણ, સ્થાપન, કમિશનિંગ**

પશ્ચિમ રેલ્વે, ભાવનગરના ડિવિઝનલ રેલ્વે, મેનેજર (એસ એન્ડ ટી), ભારતના રાષ્ટ્રપતિ વતી નીચેના કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર નં. ૫૩-૨૦૨૫: ભાવનગર વિભાગ: સાબરમતી - બોટાદ વિભાગના જોડાણમાં કોઠગંગડ, અલાઉ, હડલાભલ ખાતે મેધા મેક ઈલેક્ટ્રોનિક્સ ઈન્ટરલોકિંગ સિસ્ટમમાં સિગ્નલિંગ ગિયર્સનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ, કમિશનિંગ અને ફેરફાર ટ્રેક મશીન સાઈડિંગ પૂરું પાડવું. અંદાજિત કિંમત: રૂ. ૩૧૬૦૪૨૧૮.૭૮/- (રૂ. ત્રણ કરોડ સોળ લાખ ચાર હજાર બેસો અઢાર રૂપિયા અને સિત્તેર પૈસા માત્ર) બોલી લગાવનારાઓએ ફક્ત www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૦૯/૦૨/૨૦૨૬ બપોરે ૩.૦૦ વાગ્યા સુધી. BVP 249

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**ખૂબ ખૂબ અભિનંદન..**



**રવિભાઈ એ. બુધેલીયા**

MCF/BVP/RW માં પ્રમોશન મળવા બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ

શુભેચ્છક: બુઢેલિયા સંજય મનસુખભાઈ



**ઓનલાઈન ટેન્ડર જાહેર નિવિદા**

**પંચાયત સિંચાઈ પેટા વિભાગ ભાવનગર, બળવંતરાય મહેતા ભવન, જિલ્લા પંચાયત ભાવનગર**

જાહેર નિવિદા નં.૦૫/૨૦૨૫-૨૬

પંચાયત સિંચાઈ પેટા વિભાગ ભાવનગર, બળવંતરાય મહેતા ભવન, જિલ્લા પંચાયત ભાવનગર દ્વારા (ફોન નં. ૦૨૭૮-૨૫૧૫૬૬૪) અત્રેનાં વિભાગનાં ૨( બે) કામની રકમ ૧૪.૧૮ લાખની કામગીરી માટે ગુજરાત રાજયનાં બાંધકામ તથા સિંચાઈ ખાતાનાં ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. વિગતવાર નિવિદા http://nwr.nprocure.com વેબસાઈટ ઉપરથી જોવા મળશે અને આ સાઈટ ઉપર ઓનલાઈન ભાવો ભરવાના રહેશે. આ કામનાં ટેન્ડરની તારીખ. ૨૦/૦૧/૨૦૨૬ થી તારીખ. ૦૨/૦૨/૨૦૨૬ દરમ્યાન ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા અપલોડ કરી ટેન્ડરો ઓનલાઈન સબમિટ કરવાના રહેશે. તા.૧૦/૦૨/૨૦૨૬ સુધીમાં ટેન્ડર ફી. બાનાની રકમ (રજી.એ.ડી.થી) સ્વીકારમાં આવશે. વિગતવાર ટેન્ડર ખોલવાની તારીખ અને સંભવિત સમય:- તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ ૧૨-૦૦ કલાકથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ પેટા વિભાગ ભાવનગર, બળવંતરાય મહેતા ભવન, જિલ્લા પંચાયત ભાવનગરની કચેરી ખાતે ખોલવામાં આવશે. ભાવો સ્વીકારવા અંગેનો નિર્ણય નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ પેટા વિભાગ ભાવનગર, બળવંતરાય મહેતા ભવન, જિલ્લા પંચાયત ભાવનગરનો આખરી ગણાશે. આ અંગેની વિગત પંચાયત સિંચાઈ પેટા વિભાગ ભાવનગર, બળવંતરાય મહેતા ભવન, જિલ્લા પંચાયત ભાવનગરનાં નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે. ટેન્ડરો રૂબરૂ/ટપાલથી સ્વિકારવામાં આવશે નહી.

માહિતી-ભાવ-૧૩૪૬ / ૨૬


## જાહેર નોટીસ

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

અરજી નં.૨૩૩/૨૦૨૫
જન્મ તારીખ: ૧-૧-૧૯૬૮

**શ્રી ખુશાલભાઈ નારણભાઈ બારૈયા**
રહે. વિમાના દવાખાના પાસે, રૂખડીયા હનુમાન, ભાવનગર
મો.૮૧૬૦૦૧૮૨૫૨

**વિરૂધ્ધ**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ભાવનગર મહાનગરપાલીકા કચેરી, ભાવનગર

**બાબત: જન્મ મરણની નોંધણી અન્વયે જન્મની નોંધ કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ખુશાલભાઈ નારણભાઈ બારૈયાએ તેમનો જન્મ તા.૧-૧-૧૯૬૮ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન- ૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજરોજ તા.૦૯-૧-૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સિકકો કરી આપ્યુ.

હુકમથી
સહી : (કે. બી. ચાંદલીયા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર
ભાવનગર

TRIBHOVAN

## જાહેર નોટીસ

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

અરજી નં.૨૩૧/૨૦૨૫
જન્મ તારીખ: ૧-૧૦-૧૯૬૪

**શ્રી કમુબેન નાનજીભાઈ ગોહેલ,**
રહે. હરીજનવાસ, નવાપરા, ડી.એસ.પી. અફીસ સામે,
મફતનગર, ભાવનગર. મો.૮૧૬૦૦૧૮૨૫૨

**વિરૂધ્ધ**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ભાવનગર મહાનગરપાલીકા કચેરી, ભાવનગર

**બાબત: જન્મ મરણની નોંધણી અન્વયે જન્મની નોંધ કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કમુબેન નાનજીભાઈ ગોહેલએ તેમનો જન્મ તા.૧-૧૦-૧૯૬૪ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન- ૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજરોજ તા.૦૯-૧-૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સિકકો કરી આપ્યુ.

હુકમથી
સહી : (કે. બી. ચાંદલીયા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર
ભાવનગર

TRIBHOVAN

## જાહેર નોટીસ

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**શ્રી રેખાબેન ભલાભાઈ મારવાડી,**
**રહે. ફુલસર, કાંગશીયા વાડ, ભાવનગર**

**અરજી રજી. નં ૨૩૫/૨૦૨૫**
**મૃ.તા.૨૦/૦૮/૨૦૦૮**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રેખાબેન ભલાભાઈ મારવાડીએ તેમના માતા લક્ષ્મીબેન હિરાભાઈ રાઠોડનું મૃત્યુ તા.૨૦/૦૮/૨૦૦૮ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

( કે.બી. ચાંદલીયા )
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને સીટી મામલતદાર
ભાવનગર

## જાહેર નોટીસ

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**શ્રી રેખાબેન ભલાભાઈ મારવાડી,**
**રહે. ફુલસર, કાંગશીયા વાડ, ભાવનગર**

**અરજી રજી. નં ૨૩૪/૨૦૨૫**
**મૃ.તા.૦૭/૦૧/૨૦૦૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રેખાબેન ભલાભાઈ મારવાડીએ તેમના પિતા હિરાભાઈ દાનાભાઈ રાઠોડનું મૃત્યુ તા.૦૭/૦૧/૨૦૦૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

( કે.બી. ચાંદલીયા )
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને સીટી મામલતદાર
ભાવનગર